ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એસએસએન-૩૪૭૭-૩૬૦૪૧-ગ,
સચિવાલય, ગાંધીનગર. તા. ૨૪-૧૧-૧૯૭૭

વંચાણમાં લીધા : (૧) શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રમાંક : એસએસએન-૩૪૭૦-૪૧૮૪૫-ગ, તા. ૨૧-૧૨-૭૧

(૨) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા. ૨૭-૫-૭૬ નો પત્ર નં. બ-૧-માશિબો-પ્રો-ફંડ-પરચૂ -૫૮

(૩) શિક્ષણ નિયામકશ્રી, અમદાવાદનો પત્રાંક : ૧૮-મબશ-પેન જી.પીએફ. તા. ૧૨-૩-૭૪, તા. ૭ ૭-૭૫ અને તા. ૧૯-૧૦-૭૫

ઠરાવ : શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૨૧-૧૨-૭૧ ના ઠરાવ ક્રમાંક : એસએસએન-૩૪૭૦-૪૧૮૪૫-ગ હેઠળ સરકારે મંજૂર કરેલ પેન્શન યોજનાનો વિકલ્પ સ્વીકાર્યો હોય તેવા માન્ય અને સહાયિત બિનસરકારી માધ્યમિક શાળાઓમાં કામ કરતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે જનરલ પ્રોવિડન્ટ ફંડ યોજના દાખલ કરવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ હતો. પુખ્ત વિચારણાના અંતે સરકારે આવા કર્મચારીઓની બાબતમાં જનરલ પ્રોવિડન્ટ ફંડ યોજનાનું નિયમન કરવા માટે ગ્રાન્ટ.ઇન એઈડ કોડની કલમ ૬૭ અનુસાર આ સાથેના નિયમો મંજૂર કર્યાં છે.

૨. આ હુકમો તા. ૧-૪-૬૯ થી અમલમાં આવશે.

૩. શિક્ષણ વિભાગના સરખા નંબરની ફાઈલ ઉપર નાણા વિભાગની સહમતિ મેળવીને આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી) વી. આર. રાણા
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.

The Gujarat General P...